ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થાની વિવિધ પ્રયોગશાળાઓમાં
પરિક્ષણ અર્થે આવતા નમુનાઓની સાથેજ પરિક્ષણ શુલ્કની વસુલાત
કરવા તેમજ પરિણામો રજિસ્ટર પોસ્ટ એ.ડી થી મોકલવા બાબત

ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, વડોદરા
મુખ્ય ઈજનેર અને નિયામકશ્રીની કચેરી
જા.નં.:પીબી/૯૮/પરિપત્ર/ ૧૧૭ /૨૦૧૪
તા.: 3-૦૯-૨૦૧૪

**-: પરિપત્ર :-**

સંદર્ભ:-(૧) મુખ્ય ઈજનેર અને નિયામકશ્રી, ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, વડોદરાનો તા.૫-૦૫-૧૯૯૪ના જા.નં.:પીબી/૯૮/પરિપત્ર/૧૬૧/૯૪ અન્તર્ગત નો પરિપત્ર.

(૨) મુખ્ય ઈજનેર અને નિયામકશ્રી, ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, વડોદરાનો તા.૨૦-૦૭-૨૦૦૪ના જા.નં.:સં.નિ.(૨)પીબી/૨૧૦/સને૨૦૦૪ અન્તર્ગત નો પરિપત્ર.

મુખ્ય ઈજનેર અને નિયામકશ્રી, ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, વડોદરાના સંદર્ભ-૧ હેઠળ ના પરિપત્રના ફકરા નં – ૮ મુજબ ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થાની રાજ્યમાં વિવિધ સ્થળોએ આવેલ પ્રયોગશાળાઓમાં જુલાઈ ૨૦૦૪ સુધી પરિક્ષણ શુલ્ક મળ્યા બાદ પરિણામો આપવાની પ્રથા અમલમાં હતી, જેમાં સંદર્ભ-૨ હેઠળ ના પરિપત્રના ફકરા નં – ૮ અન્તર્ગત સુધારો કરી પરિક્ષણ શુલ્ક ના અભાવે પરિણામો રોકવાની પ્રથા બંધ કરવામાં આવેલ.

સદર સુધારાનો આશય ક્ષેત્રિય કચેરીઓની સમયસર પરિક્ષણ શુલ્ક ચુકવવામાં પડતી મુશ્કેલીઓ ને ધ્યાને લઈને પરિક્ષણ શુલ્ક ચુકવવામાં થોડી સમય મર્યાદામાં રાહત આપવાનો હતો, તેની વિધાતક અસર રૂપે નર્મદા, જ..સં., પા.પુ. અને કલ્પસર વિભાગ, માર્ગ અને મકાન વિભાગ તેમજ સરદાર સરોવર નર્મદા નિગમ ની સંયુક્ત પણે પડતર પરિક્ષણ શુલ્કની રકમ તા.૩૧ માર્ચ ૨૦૦૪ના રોજ રૂ.૨.૮૦ કરોડ હતી તે વધીને ૩૧ માર્ચ ૨૦૦૯ ના રોજ રૂ.૧૭.૭૦ કરોડ થઈ અને તા.૩૧ માર્ચ ૨૦૧૪ના રોજ રૂ.૬૫.૬૦ કરોડ સુધી પહોંચવા પામેલ છે.

પરિક્ષણ શુલ્કની ઘણી મોટી પડતર રકમ બાબતે એ.જી. દ્વારા ઓડીટ અહેવાલમાં પણ પેરા ઉપસ્થિત કરવામાં આવી રહેલ છે.

ભારત સરકારના સર્વિસ ટેક્સ એક્ટ – ૨૦૧૪ ના પેરા – ૬૫(૧૦૫)ની જોગવાઈ મુજબ ગેરી દ્વારા વસુલવામાં આવતા પરિક્ષણ શુલ્ક પેટે પરિણામ આપવામાં આવે અને સેવા માટેની ફીની આકારણી થયેથી સર્વિસ ટેક્ષ ભરવાપાત્ર થાય છે. સદર એક્ટ ની કલમ ૭૫ ની જોગવાઇ મુજબ સર્વિસ ટેક્સ ની રકમ ભરવામાં થતા વિલંબ માટે સર્વિસ ટેક્સ ની રકમ ઉપરાંત વ્યાજ અને પેનલટી ભરવાની જોગવાઇ છે. રજિસ્ટારશ્રી, એક્સાઈઝ એન્ડ સર્વિસ ટેક્ષ **એપેલેટ ટ્રિબ્યુનલ ના આદેશ અન્વયે સરકારશ્રીમાંથી ગ્રાન્ટ માંગીને રૂ.૨૦.૦૦લાખ તા.૩૧-૧૨-૧૦૧૨ સુધીમાં ભરવા પડેલ છે જે ખરેખર પરિક્ષણ શુલ્કની નિયમિત વસુલાત થઈ તેમાંથી ભરાવા જોઈએ.**

વધુમાં ઉત્તર/દક્ષિણ/મધ્ય ગુજરાત વીજ નિગમ લિ. તેમજ સૌરાષ્ટ્ર વીજ નિગમ લિ. ગુજરાત સરકારનાં સાહસ હોઈ તેમાં પણ વીજ વપરાશ મીટર પરિક્ષણ શુલ્ક લઈને જ કરી આપવામાં આવે છે તથા વીજ વપરાશ શુલ્કના ચુકવણાના અભાવે વીજ પુરવઠો બંધ કરવામાં આવે છે.

તકેદારી આયોગના મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી દ્વારા તા.૧૩-૦૪-૨૦૦૭ના રોજ જિલ્લા પ્રયોગશાળા ભાવનગર ની મુલાકાત સંદર્ભે ઈસ્યુ કરેલ અવલોકન નોંધના મુદ્દા નં – ૬ અન્તર્ગત નમુનાઓના પરિક્ષણના પરિણામો સમયસર મોકલવામાં ન આવતા હોવા અંગે ગંભીર નોંધ લીધેલ છે અને તે બાબતે ઉપસ્થિત થયેલ ખાતાકીય તપાસ અન્વયે સરકારશ્રી દ્વારા ઘડવામાં આવેલ આરોપનામામાં પરિક્ષણ પૂર્ણ થવા અને પરિણામો ડિસ્પેચ કરવાની વચ્ચેના ૧૦ દિવસ કરતાં વધુ વિલંબ ને બદઈરાદા પુર્વક પરિણામો રૂબરૂમાં આપવાની તજવીજ રૂપે વહિવટમાં ગંભીર અનિયમિતતા ગણેલ છે.

આમ પરિક્ષણ શુલ્ક પડતર રાખી પરિણામો ડિસ્પેચ કરવાથી ગંભીર વહિવટી તેમજ નાણાકીય પ્રશ્નો ઉઅપસ્થિત થાય છે જ્યારે પરિક્ષણ શુલ્ક વસુલાત ના અભાવે પરિણામો રોકવાથી ઉદભવતા વિલંબ ને બદઈરાદા પુર્વક પરિણામો રૂબરૂમાં આપવાની

તજવીજ રૂપે વહિવટમાં ગંભીર અનિયમિતતા ગણાય છે. સદર બાબતે ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા ના વિવિધ સ્તર ના અધિકારિઓ અને કર્મચારીઓ સાથે થયેલ વિચાર વિમર્શ ને ધ્યાન માં લઇ અને વહીવટી ગૂંચ નિવારવા ,ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા ની વિવિધ પ્રયોગશાળાઓ ને નીચે પ્રમાણે ની સૂચનાઓ પાઠવવામાં આવે છે.

1. ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા ની વિવિધ પ્રયોગશાળાઓ માં પરિક્ષણ અર્થે આવતા નમુનાઓ ના કુલ પરિક્ષણ શુલ્ક જેટલી અથવા ઓછા માં ઓછી ૫૦ ટકા જેટલી રકમ મળ્યેથી જ નમુનાઓ સ્વીકારવાના રહેશે.

   નમુના નો સ્વિકાર કરતી વખતે નમુનાઓ સ્વીકારવા ના સમય ના ૧૦ દિવસ પછી ની તારીખ અથવા ખરેખર તેવી સંભવિત પરિક્ષણ સમય મુજબની તારીખ, ***બે માંથી જે વહેલી હોય તે તારીખ પરિક્ષણ શુલ્ક ની બાકી ની ૫૦ ટકા રકમ ચુકવવા માટે ની સુચિત તારીખ તરીકે*** આપવાની રહેશે અને નર્મદા, જ..સં., પા.પુ. અને કલ્પસર વિભાગ, માર્ગ અને મકાન વિભાગ તેમજ સરદાર સરોવર નર્મદા નિગમ હેઠળની ક્ષેત્રિય કચેરીઓ એ સદર સુચિત તારીખ પહેલાં પરિક્ષણ શુલ્ક ની બાકી ની ૫૦ ટકા રકમ ગેરીની સંબંધિત પ્રયોગશાળાને ચુકવવાની રહેશે. ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા ની વિવિધ પ્રયોગશાળાઓ એ ***સંપૂર્ણ પરિક્ષણ શુલ્ક ની ભરપાઇ થયા પછી જ*** જે તે કચેરીને ને પરિણામો મોકલવાના રહેશે.

   નાપાસ નમુનાના કિસ્સામાં પરિક્ષણ શુલ્ક બાકી હોય તો પણ પરિણામો ગુણવત્તા નિયમન વિભાગ તેમજ સંલગ્ન ક્ષેત્રિય કચેરીને વિના વિલંબે જાણ કરવી અને સદર કચેરીના ત્યારબાદ આવતા નમુના નાપાસ નમુનાના બાકી પરિક્ષણ શુલ્ક તથા નવા નમુનાઓ ના કુલ પરિક્ષણ શુલ્ક ની ૫૦ ટકા જેટલી રકમ મળ્યેથી જ નમુનાઓ સ્વીકારવાના રહેશે.

2. સદર સુચિત તારીખ પહેલાં પરિક્ષણ શુલ્ક ની બાકી ની ૫૦ ટકા રકમ ગેરીની સંબંધિત પ્રયોગશાળાને ન મળે તે સંજોગોમાં માસ્ટર રજિસ્ટર માં નોંધ(Remarks) ના ખાનામાં સુચિત તારીખ વીત્યે " ***પરિક્ષણ શુલ્કના ચુકવણા ના અભાવે પરિણામો રોકેલ છે.*** " તેવી નોંધ મદદનીશ સંશોધન અધિકારી/પ્રયોગશાળાના સિનીયર કર્મચારી દ્વારા કરી તારીખ સાથે સહી કરવાની રહેશે.
3. પરિક્ષણ અર્થે આવતા નમુનાઓ ની અવલોકન શીટમાં પરીક્ષણ પૂર્ણ થયાની તારીખ અવશ્ય નોંધવાની રહેશે તેમજ પરિણામો પરિક્ષણ પૂર્ણ થયેથી દિન ૧૦માં રજીસ્ટર એ.ડી. મારફતે જ મોકલવાના રહેશે, એ.ડી.રસીદ ની તારીખ સાથે ની નોંધ માસ્ટર રજિસ્ટર માં નોંધ(Remarks) ના ખાનામાં કરવાની રહેશે તેમજ એ.ડી.રસીદ પરિણામો ની O.C. સાથે જોડવાની રહેશે.
4. અત્રે સ્પષ્ટતા કરવામાં આવે છે કે ***સુચના નં ૧ અને ૨ નો તા.૧-૧૧-૨૦૧૪થી ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે*** જ્યારે સુચના નં 3, તા.:૨૮-૦૮-૨૦૧૪ની નીચે સહી કરનારની સુચના થી જા.નં."PA/T/10/2014" અન્વયે અમલી બનેલ છે.

Fefar [signature]

(આર.એચ.ફેફર)
મુખ્ય ઈજનેર અને નિયામક
ગેરી, વડોદરા

1. *નકલ રવાના પ્રતિ, સંયુક્ત નિયામકશ્રી(સિંચાઈ), સંયુક્ત નિયામકશ્રી(રસ્તા) તેમજ અધીક્ષક ઈજનેરશ્રી, ભૂમિ નિતાર અને નવસાધ્યકરણ વર્તુળ, ગેરી, વડોદરા તરફ જાણ તેમજ આપના કાર્યક્ષેત્ર હેઠળની પ્રયોગશાળાઓમાં ચુસ્ત પણે અમલ સારૂ.*

2. નકલ રવાના પ્રતિ અધીક્ષક ઈજનેરશ્રી(સર્વે) યાદી મુજબ , [નર્મદા, જ..સં., પા.પુ. અને કલ્પસર વિભાગ હેઠળના ] તરફ જાણ તેમજ યોગ્ય કાર્યવાહી સારૂ.
3. નકલ રવાના પ્રતિ અધીક્ષક ઈજનેરશ્રી(સર્વે) યાદી મુજબ, [માર્ગ અને મકાન વિભાગ હેઠળના ] તરફ જાણ તેમજ યોગ્ય કાર્યવાહી સારૂ.
4. નકલ રવાના પ્રતિ અધીક્ષક ઈજનેરશ્રી(સર્વે) યાદી મુજબ, [ સરદાર સરોવર નર્મદા નિગમ હેઠળના ] તરફ જાણ તેમજ યોગ્ય કાર્યવાહી સારૂ.

સં.નિ.(સિ.) /તાં.શા) /પરિપત્ર/૧૭૫ સને – ૨૦૧૪ તારીખ ૧૨-૦૯-૨૦૧૪

નકલ રવાના પ્રતિ સંશોધન અધિકારીશ્રી , વસ્તુ પરીક્ષણ વિભાગ ,ગેરી વડોદરા /માટી પરીક્ષણ વિભાગ ,ગેરી વડોદરા/જીઓ મેકેનીક્સ વિભાગ , ગેરી વડોદરા/જળશાસ્ત્ર વિભાગ ગેરી, ગોત્રી, વડોદરા/નર્મદા જળશાસ્ત્ર વિભાગ ગેરી, ગોત્રી, વડોદરા/ ઉત્તર ગુજરાત સંશોધન વિભાગ , ગાંધીનગર/ દક્ષિણ ગુજરાત સંશોધન વિભાગ, સૂરત /સૌરાષ્ટ્ર સંશોધન વિભાગ, રાજકોટ તરફ જાણ તેમજ યોગ્ય કાર્યવાહી સારૂ.

નકલ રવાના પ્રતિ નાયબ નિયામક શ્રી ગેરી વડોદરા તરફ જાણ તેમજ યોગ્ય કાર્યવાહી સારૂ.

નકલ રવાના પ્રતિ ભૂસ્તરશાસ્ત્રી(જયેષ્ઠ) ગેરી વડોદરા તરફ જાણ તેમજ યોગ્ય કાર્યવાહી સારૂ.

For

સંયુક્ત નિયામક ( સિંચાઇ )
O/C ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા
વડોદરા